**<u>આંક– ૧ લગત હુકમ</u>**

(૧) હાલના કામે આંક–૧ થી રજુ ખાનગી ફરિયાદ ધી રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ, ગુજરાત અમદાવાદનાઓ ધ્વારા ધ કંપનીઝ એકટ, ૧૯૫૬ની કલમ ૬૩, ૬૮, ૬૨૮ ના પ્રબંધો હેઠળ તા.૧૯/૦૪/૨૦૦૨ ના રોજ **મેસર્સ શિવમ એપેનલ્સ લી.** ના ડાયરેક્ટર નામે (૧) જયસુખભાઈ શાહ (૨) રમેશભાઈ પટેલ (૩) ધનીબેન પટેલ (૪) રજનીકાંત પટેલ (૫) ધનેશ શાહ (૬) ભદ્રેશ દેસાઈ નાઓ વિરૂધ્ધ દાખલ કરવામાં આવતા આ કેસના મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા આરોપીઓ સામે ગુનાનું સંજ્ઞાન લઈ પ્રોસેસ ઈસ્યુ કરવા તા. ૧૯/૦૪/૨૦૦૨ ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપીઓ સામે પ્રોસેસ / સમન્સ ઈસ્યુ કરવામાં આવતા આ કામના આરોપી નં.૧ અને આરોપી નં.૫ અવસાન પામેલ હોવાથી તેઓને સદર ફરિયાદના કામેથી એબેટ કરવા હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે અન્ય આરોપીઓ પર સમન્સ/પ્રોસેસની બજવણી ન થતા હાલનો કેસ તા.૦૮/૦૯/૨૦૧૮ ના રોજના હુકમ મુજબ ડોરમેન્ટ ફાઈલ રજીસ્ટરમાં મુક્યા બાદ આરોપી નં.૨ થી ૪ અને આરોપી નં.૬ નાઓ પર અવાર નવાર પ્રોસેસ/સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ હોવા છતા પ્રોસેસની બજવણી થયેલ નથી.

(૪) સદરહું ફરિયાદનુ કામ ડોરમેન્ટ ફાઈલમાંથી રેગ્યુલર ફાઈલમાં દાખલ કરી આરોપી નં.૨ થી ૪ અને આરોપી નં.૬ નાઓ પર અવાર નવાર પ્રોસેસ/સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ હોવા છતા પ્રોસેસની બજવણી થયેલ નથી.

(૫) સદરહું કામે કેસ રેકર્ડ વંચાણે લેતા સદર કામના આરોપી નં.૨ અને આરોપી નં.૫ મરણ ગયેલ હોવાથી તેઓને એબેટ કરવામાં આવેલ છે. વધુમાં, સદર કામના અન્ય આરોપીઓ ઉપર લાંબા સમયથી પ્રોસેસ/સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ હોવા છતાં પ્રોસેસ/સમન્સની બજવણી થઈ શકેલ નથી. વધુમાં, સદરહું કામે ફરિયાદ પક્ષ દ્વારા અવારનવાર આરોપી નં.૨ થી ૪ અને આરોપી નં.૬ ના નવા સરનામા રજુ કરી પ્રોસેસ/સમન્સની બજવણી કરાવવા પ્રયત્ન થયેલ હોવા છતાં

આરોપી નં.૨ થી ૪ અને આરોપી નં.૬ નાઓ ઉપર પ્રોસેસની બજવણી થયેલ નથી.

(૬) રેકર્ડ પરની સમગ્ર હકિકતો લક્ષમાં લેતા સદરહું ફરિયાદનુ કામ સને-૨૦૦૨ના વર્ષનું એટલે કે લગભગ ૨૩ વર્ષ જેટલું જુનુ હોવાથી આરોપી નં. ૨ થી ૪ અને આરોપી નં.૬ નાઓ ઉપર પ્રોસેસ/સમન્સની બજવણી કરાવવા ફરિયાદ પક્ષને વધુ સમય આપવો યોગ્ય અને ન્યાયી જણાઈ આવતુ ન હોઈ આ કામે ફરિયાદ પક્ષ તે આરોપી નં. ૨ થી ૪ અને આરોપી નં.૬ નાઓ ઉપર પ્રોસેસ/સમન્સની બજવણી કરાવવામાં નિષ્ફળ રહેલ છે. અત્રેની અદાલતમાં રહેલ કામગીરીનું ભારણ ધ્યાને લેતા,આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.

(૭) ભવાની ટેક્ષટાઈલ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં નામ. ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ હોઈ તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

**:: આખરી હુકમ ::**

ફરીયાદીની ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૬ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**(ડી.એચ.ખંભાતી)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (સીટી) કોડ : જીજે-૦૦૮૬૬

તા. ૧૬/૦૬/૨૦૨૫
અમદાવાદ (સીટી).